**PDS** યોજનામાં **GOI** ની સબસીડાઇઝ દરે પૂરી પાડવામાં આવનાર તુવેર દાળ અને ચણા દાળનું વિતરણ કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૭/૦૭/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) વિભાગનો તા.૦૮/૦૩/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક

(૧) વિભાગનો તા.૨૭/૦૫/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક

(૧) વિભાગનો તા.૩૦/૦૫/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક

આમુખ :-

સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રૂ.૧૫/કિ.ગ્રા. કેન્દ્રીય સબસીડી સાથે કઠોળના વિતરણની ભારત સરકારની યોજના હેઠળ માહે એપ્રિલ-૨૦૧૯ તથા મે-૨૦૧૯ દરમ્યાન તમામ **NFSA** કાર્ડધારકોને ઉપલબ્ધ જથ્થાના આધારે રૂ.૩૭/કિ.ગ્રા. તથા રૂ.૪૨/કિ.ગ્રા. ભાવે અનુક્રમે ૧ કિ.ગ્રા. તુવેર દાળ તથા ૧ કિ.ગ્રા. ચણા દાળનું વિતરણ કરવાનું ઠરાવવામાં આવેલ છે. સંદર્ભ (૨) માં જણાવેલ ઠરાવથી માહે મે-૨૦૧૯ અંતિત બચત રહેલ તુવેર દાળના જથ્થાનું માહે જુન-૨૦૧૯ દરમ્યાન વિતરણ કરવાની મંજુરી આપવામાં આવેલ. માહે જુન-૨૦૧૯ અંતિત વાજબી ભાવની દૂકાનો તથા નિગમના ગોડાઉન પર બચત રહેલ તુવેર દાળના જથ્થાનું માહે જુલાઇ-૨૦૧૯ દરમ્યાન વિતરણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

(૧) જે વાજબી ભાવની દુકાનના સંચાલકો પાસે **NFSA** રેશનકાર્ડ ધારકોને તુવેર દાળના જથ્થાનું વિતરણ કર્યા બાદ માહે જુન-૨૦૧૯ અંતિત તુવેર દાળનો બચત જથ્થો ઉપલબ્ધ હોય તો તે જથ્થાનું માહે જુલાઇ-૨૦૧૯ દરમ્યાન **NFSA** રેશનકાર્ડ ધારકોને વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવાનું

રહેશે તેમજ જે વાજબી ભાવની દુકાનના સંચાલકો માહે મે-૨૦૧૯ દરમ્યાન નિગમના ગોડાઉનમાંથી તુવેર દાળનો જથ્થો ઉપાડી શક્યા નથી અથવા તો નિગમના ગોડાઉનમાંથી તુવેર દાળનો જથ્થો વિલંબથી ઇસ્યુ થવાના કારણોસર લાભાર્થીઓને તુવેર દાળનું વિતરણ કરી શક્યા નથી તેમણે માહે જુલાઇ-૨૦૧૯ દરમ્યાન સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવ મુજબ તુવેર દાળનું વિતરણ કરવાનું રહેશે.

(૨) ઉક્ત પારા (૧) ની વિગતે માહે જુલાઇ-૨૦૧૯ દરમ્યાન તુવેર દાળના જથ્થાનું વિતરણ કર્યા બાદ પણ જો કોઇ જથ્થો બચત રહે તો તે સંપૂર્ણ જથ્થાનું માહે ઓગષ્ટ-૨૦૧૯ દરમ્યાન **NFSA** રેશનકાર્ડ ધારકોને વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કિશોરકુમાર એસ. રાણા)
ઉપસચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સચિવાલય, ગાંધીનગર
૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.ગાંધીનગર
૩. સર્વે જીલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.
૪. અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, બહુમાળી ભવન, અમદાવાદ.

નકલ રવાના :-

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૨. માન. મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૩. માન. રા.ક. મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
૪. અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર
૫. સીસ્ટમ મેનેજરશ્રી (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)
૬. સીલેક્ટ ફાઇલ